જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૧૨/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૮૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૧૨૪ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૧૧૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧૭ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૨૭,૫૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૯૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૭૯૧/૨૦૨૫**

ઈસનપુરઃ રાજેશ ભીખાલાલ કાયસ્થ (ઉ.વ.૬૪) (રહે. ધનંજય સોસાયટી જયમાલા બસ સ્ટેન્ડ સામે ઈસનપુર રોડ ઘોડાસર ઈસનપુર) એ તા.૧૯/૧૨/૨૦૨૫ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૯/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ઈસનપુર શ્રીજી ડેરીની ઉપર રાધેકિશન વિલા કોમ્પલેક્ષ ઓફીસ એ/૨૧૩ ખાતે આરોપી ચિરાગ હસમુખભાઇ ભોજાણી (રહે.દિવાળી બ્લેઝીંગ ખોડજ અડાલજ ગાંધીનગર) એ દુબઈથી સસ્તામાં સોનુ લાવી આપવાની લાલચ આપી વિશ્વાસ કેળવી રાજેશ કાયસ્થ પાસેથી ૨૦૦ ગ્રામ સોનાના રૂપિયા ૨૧,૪૦,૦૦૦/– મેળવી લઈ સોનુ નહીં આપી તેમજ આપેલ રૂપિયા પરત નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એલ.રબારી ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૭૯૨/૨૦૨૫**

પાલડીઃ લતાબહેન હાવીરભાઇ કામદાર (ઉ.વ.૫૩) (રહે. સત્વ એપાર્ટમેન્ટ શાંતિવન સોસાયટી સામે નારાયણનગર રોડ પાલડી) તા.૧૯/૧૨/૨૦૨૫ સવારના ૫/૪૫ વાગ્યાના સુમારે પાલડી સરદારબ્રીજ એન.આઇ.ડી. નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ લતાબેન કામદારના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ લતાબહેન કામદારે પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ક્રિશ્યન ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૧૭૯૩/૨૦૨૫**

દાણીલીમડાઃ જૈનબબીબી ડો/ઓ લઇખએહમદ શેખ (રહે. અલહમ્દો મસ્જીદ નસરીન હોસ્પિટર સામે હિમાલયા બેકરી રોડ બેરલ માર્કેટ અંદર દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૨/૨૦૨૫ સવારના ૧૦/૦૦ થી બપોરના ૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૯૧,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.લાઘવા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૭૯૪/૨૦૨૫**

બોડકદેવઃ બબીતાબહેન રાજુભાઈ મનાત (ઉ.વ.૨૯) (રહે.હિંગળાજનગર વિભાગ–૧ થલતેજ ગામ) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૨/૨૦૨૫ સાંજના ૦૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સોલા સિવીલ ખાતે લઈ જતાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.વાઘેલા ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ યશ સંજયભાઈ પંચાલ (ઉ.વ.૨૫) (રહે. યશ વિજય સોસાયટી વન્ડર પોઈન્ટ પાસે સી.ટી.એમ.રોડ રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૨/૨૦૨૫ સવારના ૦૮/૪૫ વાગ્યા પહેલા જીઆઈડીસી વટવા ફેઝ–૦૪ આશાપુરા ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટમાં પ્લોટ નં–૧૧૩ શ્રી હરી ઈન્ડસ્ટ્રીઝ નામના કારખાનામાં ક્રેનના હુકમાં લીફ્ટીંગ પટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.ડાભી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી